રાજભવન, ગાંધીનગર.
તા. ૦૭/૧૦/૨૦૧૫

## એસ. વી. પટેલ સ્કૂલ, સુરતના વિદ્યાર્થીઓ રાજયપાલશ્રીની મુલાકાતે

એસ. વી. પટેલ સ્કૂલ, સુરતના વિદ્યાર્થીઓએ આજે રાજભવન ખાતે ગુજરાતના રાજયપાલશ્રી ઓ. પી. કોહલીની મુલાકાત લીધી હતી.

રાજયપાલશ્રીએ શાળાના બાળકો સાથે વાર્તાલાપ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે શાળાના શિક્ષકોએ બાળકોને જ્ઞાનની સાથે સાથે તેમનામાં સંસ્કારોનું સિંચન થાય તે માટેના પ્રયસો કરવા જોઈએ. બાળકોના જીવન ઘડતરમાં શાળા અને શિક્ષકોની મહત્વની ભૂમિકા રહી છે. તેમણે તેને અદા કરી પોતાની આગવી ઓળખ ઉભી કરવી જોઈએ.

આ પ્રસંગે કારગીલ શહીદ શ્રી ગોવર્ધનસિંહ ઢાકાના પત્ની અને નવચેતના ફાઉન્ડેશન ચેરિટેબલ ટ્રસ્ટના અધ્યક્ષા શ્રીમતી સુનિતા દેવી, શ્રી તારાચંદ ઢાકા, શાળાના આચર્યા અને શિક્ષકો ઉપસ્થિત રહયા હતા.

---

## એમ. એસ. યુનિવર્સિટીનો સિન્ડીકેટના સભ્યોએ રાજયપાલશ્રીની શુભેચ્છા મુલાકાતે

એમ. એસ. યુનિવર્સિટીની સિન્ડીકેટના સભ્યોએ આજે રાજભવન ખાતે ગુજરાતના રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

---

પ્રેસ સચિવ